

# રાજ્યમાં બન્ને મુખ્ય પક્ષોને પક્ષપલ્ટાનો ભય સતાવે છે

## ટીકીટ નહીં આપીએ તે કેશુભાઈની પરિવર્તન પાર્ટીમાં જતા રહેશે તેવો ડર લાગતાં છેલ્લી ઘડીએ ઉમેદવારોની યાદી ડિક્લેર કરવામાં આવે છે

ગાંધીનગર,તા.૧૭

ગુજરાતની બન્ને મુખ્ય પાર્ટીઓને પક્ષપલ્ટાનો ભય સતાવી રહ્યો છે તેથી ઉમેદવારી ફોર્મ ભરવાના આગલા દિવસે મોડી રાત્રે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવે છે. છેલ્લી ચાર ચૂંટણીમાં બન્ને પાર્ટીઓએ આ પ્રકારની સ્ટ્રેટેજી અપનાવી છે અને હવે વધુ એક વખત આ જ સ્ટ્રેટેજી કામ કરી રહી છે. જો કે આ વખતે કેશુભાઈ પટેલની પરિવર્તન પાર્ટીના કારણે ઉમેદવારોની યાદી છેલ્લી ઘડીએ જાહેર થાય તેવી સંભાવના છે.

ઉમેદવારોની યાદી જો વહેલી ડિક્લેર કરવામાં આવે તો ટીકીટમાંથી કપાયેલા ઉમેદવારો બીજી પાર્ટી પસંદ કરી શકે છે તેવો ડર પ્રદેશના નેતાઓને સતાવી રહ્યો છે. કેશુભાઈ પટેલ ભાજપના વાછુંઓના સતત સંપર્કમાં રહ્યા છે.

લોકસભા કે વિધાનસભાની ચૂંટણી તારીખ જાહેર થાય તે સાથે જ પાર્ટીઓએ તેમના ઉમેદવારોની આખરી પસંદગી કરી યાદી જાહેર કરવી જોઈએ તેવો એક મત પ્રગટ થયો છે. ઉત્તર પ્રદેશમાં સમાજવાદી

● અનુસંધાન પાન-૫ પર

## ખતરો માત્ર કોંગ્રેસને નહીં ભાજપને પણ છે

ગાંધીનગર,તા.૧૭

ગુજરાતમાં કોની સરકાર બનશે તે ચર્ચા બાજુએ રાખીએ તો પણ ઉમેદવાર પસંદગીમાં થાપ ખાઈ ગયેલી પાર્ટીને નિષ્ફળતા મળી શકે છે, કારણ કે આ વખતે વ્યક્તિગત વિજય થઈ શકે તેવો કોઈ વેવ રાજ્યમાં જોવા મળતો નથી.

૧૯૯૫માં ભાજપની સામૂહિક મહેનત રંગ લાવી હતી. હિન્દુત્વનો એકડો હતો. ૧૯૯૮માં શંકરસિંહ વાઘેલા અને કોંગ્રેસ પ્રત્યે લોકોને તિરસ્કાર હતો. ૨૦૦૨માં પ્રખર હિન્દુત્વ અને ગોધરાકાંડનું મોજું હતું. ૨૦૦૭માં મોદી વર્સિસ ઓલ હતું અને વિકાસની દિશાના દરવાજા ખુલ્યા હતા, જ્યારે ૨૦૧૨માં એવું કોઈ જોરદાર મોજું નથી. ભાજપની વિકાસની દિશા છે અને નરેન્દ્ર મોદીની ખુદની આભા છે. કોંગ્રેસ પાસે સ્થાનિક મુદ્દાઓને અભાવ છે. મોદી શાસનમાં ગોધરાકાંડ, પાંચ ઉદ્યોગપતિઓને લાભ અને બોગસ એનકાઉન્ટરના કેસોનો સહારો છે.

પ્રદેશ કોંગ્રેસ છેલ્લા એક વર્ષથી ચૂંટણી માટે સતત પ્રયાસ કરી રહી છે. છેલ્લે માણસાની પેટા ચૂંટણી અને ગાંધીનગર મહાનગરપાલિકાની જીતનો જશ્ન મનાવી રહી છે, પરંતુ કેન્દ્ર સરકારના એક પછી એક બહાર

● અનુસંધાન પાન-૫ પર

ગાંધીનગરમાં પ્રથમ વખત ઘ-૫ ખાતે ભવ્ય ઉત્સવ
Deep Utsav
બાલનગારી
હેન્ડલુમ-હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન
2-11-12 થી 22-11-12
ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન
TIME : 11 A.M. to 10 P.M.
હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી
ઘ-૫ સર્કલ, ઓપન એર થિયેટર, સે.૧૬ ગાંધીનગર

नूतन वर्षाभिनंदन
asianpaints

ગાંધીનગર શહેર અને જિલ્લાના બિલ્ડર્સ, આર્કીટેક્ટ્સ, એન્જિનિયર્સ તથા વહેપારી મિત્રો, પેઈન્ટર ભાઈઓ તથા ગાંધીનગરના સર્વે નગરજનોને
કાલીદાસ પટેલ તથા જસવંતલાલ સી. મોદીના નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન
અંબિકા એન્ટરપ્રાઈઝ
૧, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૨૩૨૪૦૧૩૦, (નિ.) ૨૩૨૨૧૫૫૦ મો. ૯૮૨૪૧ ૬૦૮૦૬
આઈ.સી.આઈ. પેઈન્ટ્સ, એશિયન પેઈન્ટ્સ, નેરોલેક પેઈન્ટ્સ, બર્જર પેઈન્ટ્સ, ઈન્ડોસેમ અને પોલિસ મટીરીયલ્સના અધિકૃત વિક્રેતા

રૂદ્રાક્ષ હોસ્પિટલ
પાટીયા, નરોડા, અમદાવાદ. ફોન.નં :- ૦૭૯-૨૨૮૪૧૭૧૭/૧૮૧૮, ફેક્સ :- ૦૭૯-૨૨૮૪૧૯૧૯
રૂદ્રાક્ષ હોસ્પિટલ પરિવાર તરફથી સૌને નવા વર્ષની શુભકામનાઓ

હિતેન્દ્ર જી. પટેલ (રાયપુર)
ચેરમેન રૂદ્રાક્ષ હોસ્પિટલ
ઉપ પ્રમુખ ગાંધીનગર જીલ્લા ભાજપ

● સીટીસ્કેન
● મેમોગ્રાફી
● ડાયાલીસીસ
● ઇકો
● એન્ડોસ્કોપી
● સોનોગ્રાફી
● કલર ડોપ્લર
● ઇ.ઇ.જી.
● ટી.એમ.ટી.
● બ્રોન્કોસ્કોપી
● એક્સ-રે
● બોડી ચેકઅપ
● પી.એફ.ટી.
● વ્યસનમુક્તિ
● લેબોરેટરી
ફ્રી નિદાન
દવાઓ ૧૦% ડીસ્કાઉન્ટ લેબોરેટરી ૧૦%
દર બુધવાર અને શુક્રવાર ફીજીશીયન અને સર્જન ડોક્ટર દ્વારા
સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ સાંજે ૫-૦૦ થી ૯-૦૦



# ડેન્ગ્યુ

તાવનો મચ્છર આપનો દુશ્મન !

**ડેન્ગ્યુ તાવ એડીસ મચ્છરો દ્વારા ફેલાય છે, આ મચ્છરો દિવસે જ કરડે છે.**

**સાવચેતીમાં જ સમજદારી !**

- શરીરના અંગોને ઢાંકી રાખે તેવા કપડાં પહેરી રાખો, ડેન્ગ્યુ રોગ ફેલાવતા મચ્છરો દિવસે કરડતા હોવાથી દિવસે પણ મચ્છર અગરબત્તી સળગાવો, મચ્છર દૂર રાખવાની ક્રીમ લગાવો.
- આ પ્રકારના મચ્છર ઘરમાં જ્યાં પણ જમા થયેલ પાણી હોય ત્યાં ઉત્પન્ન થાય છે માટે ઘરમાં રહેલા પાણીના ખુલ્લા વાસણોને હવાચૂસ્ત ઢાંકણથી બંધ રાખો.
- અઠવાડિયામાં બેથી ત્રણ વખત ટાંકી, કુલર, રેફ્રિજરેટરની ટ્રે, ફુલદાની તથા પક્ષીકુંજનું પાણી ખાલી કરી અંદરની સપાટી સાફ કરીને સૂકવી દો.

રોગના લક્ષણો : તાવ આવે, આંખની પાછળના ભાગમાં દુખાવો થવો, શરીર પર લાલ ચકામા પડે, નાકમાંથી લોહી પડે, વારંવાર લોહી સાથે કે લોહી વિના ઉલટી થાય, મોઢું સૂકાઈ જાય કે શ્વાસોચ્છવાસ તકલીફ થવા જેવા ગંભીર લક્ષણો દેખાય.

તાવના ચોક્કસ નિદાન માટે લોહીની તપાસ કરાવવી જરૂરી છે.

રોગનું નિદાન થયા બાદ: નિષ્ણાત ડોક્ટરની સલાહ મુજબ સારવાર લેવી. આરામ કરવો અને પુષ્કળ માત્રામાં પ્રવાહી લેવું.



**ડેન્ગ્યુ તાવના મચ્છરની ઉત્પત્તિને અટકાવો !!!**



આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com